# યલો ફીવર રસીકરણવિભાગ

## AHMEDABAD MUNICIPAL CORPORATION

Sardar Patel Bhavan, Dana Pith, Ahmedabad- 380001.

Pro Active Discloser under the Right to Information Act - 2005

**૧) વ્યવસ્થા તંત્ર, કાર્યો અને ફરજો :-**

યલો ફીવર રસીકરણનાં મુખ્ય અધિકારી "સુપ્રિટેન્ડેન્ટ ઓફ વેક્સીનેશન એન્ડ રજીસ્ટ્રાર બર્થ એન્ડ ડેથ" છે. તેમના માગીર્શન અનુસાર ઇનચાર્જ મેડીકલ ઓફિસર, મલ્ટીપરપઝ હેલ્થ વર્કર, ફાર્માસીસ્ટ તથા ડીસ્પેન્સરી સર્વન્ટ દ્વારા યલો ફીવર રસીકરણ અંગેની કામગીરી કરવામાં આવે છે.

**૨) પોતાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો :-**

| નં. | અધિકારી/કર્મેચારીનો હોદ્દો | કામગીરી |
|---|---|---|
| ૧ | આરોગ્ય અધિકારી | યલોફીવર રસી લેનાર વ્યક્તિને સરળતાથી મળી રહે તે મૂજબ આદેશ કરવા |
| ૨ | સુપ્રિટેન્ડન્ડ ઓફ વેક્સીનેશન એન્ડ રજીસ્ટ્રાર બર્થ એન્ડ ડેથ | યલોફીવર રસી લેનાર વ્યક્તિને સરળતાથી મળી રહે તે મૂજબ આદેશ કરવા |
| ૩ | ઈન્ચાર્જ મેડીકલ ઓફિસર | મલ્ટીપરપઝ હેલ્થ વર્કર, ફાર્માસીસ્ટ તથા ડી.સર્વન્ટ વગેરે કર્મચારીઓને નિયત કામગીરી સોંપવી તથા તેઓ પોતાની ફરજો યોગ્ય રીતે બજાવે તે પ્રમાણે સુપરવીઝન કરવું. |
| ૪ | જુની.કલાર્ક | યલોફીવર વેક્સીનનાં પૈસા રસી લેનાર વ્યક્તિ પાસે વસુલ કરી પહોંચ બનાવવની, પહોંચ મુજબનાં પૈસા તીજોરીમાં જમા કરાવવાં, એકાઉન્ટ રજીસ્ટર મેઇન્ટેઇન કરવું. |
| ૫ | મલ્ટી પરપઝ હેલ્થ વર્કર/એ.એન.એમ. | વેક્સીન બનાવવું તથા આપવું. વેક્સીનનું રજીસ્ટર મેઇન્ટેન કરવું. |
| ૬ | ફાર્માસીસ્ટ | પાસપોર્ટ મુજબ યલોફીવર રસીનું સર્ટીફીકેટ બનાવવું. |

**૩) નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ :-**

દરેક કર્મચારીએ કરેલ કામગીરીની ચકાસણી કર્યા બાદ યલોફીવર રસીનાં સર્ટીફીકેટ ઉપર સહી સિક્કા કરવામાં આવે છે.

**૪) પોતાના કાર્યો બજાવવા માટે નક્કી કરેલા ધોરણો :-**

W.H.O.( World Health Organisation) નાં રુલ્સ અને રેગ્યુલેશન પ્રમાણે યલો ફીવર રસીકરણની કામગીરી કરવામાં આવે છે તથા તુરંત એ અંગેનું સર્ટીફીકેટ આપવામાં આવે છે.

**૫) નિયમો, વિનિયમો, સૂચનાઓ નિયમ સંગ્રહો અને રેકર્ડ :-**

યલોફીવર સર્ટીફીકેટ આપ્યા અંગેનું રજીસ્ટર તથા પૈસાની પહોંચનું અડધિયુ (કાઉન્ટર ફોઇલ) જેવા રેકર્ડ રાખવામાં આવે છે.

૬)દસ્તાવેજોનાં વર્ગોનું પત્રક :-

૧. માનનીય કમિશનરશ્રી દ્વારા વધારેલ ફી અંગેના ઠરાવો
૨. યલોફીવર કાર્ડનું રજીસ્ટર
૩. પહોંચનું અડધિયુ(કાઉન્ટર ફોઇલ)
૪. વેક્સીન સ્ટોક રજીસ્ટર
૫. એકાઉન્ટ રજીસ્ટર

૭) નીતિ તથા અમલીકરણના સંદર્ભમાં જનતા માટે ગોઠવણીની વિગતો :-

યલોફીવર રસી જાહેર જનતાને મળી શકે તે માટે તેના નિયમો, સ્થળ, સમય, જરૂરી પુરાવા તથા ફી અંગેનુ બોર્ડ લગાડવામાં આવેલ છે.

૮) બોર્ડ- કાઉન્સિલો, સમિતિઓ તથા તેની કાર્યનોંધો :-

સંલગ્ન ખાતા દ્વારા થતી કામગીરીની સમીક્ષા તથા તેમા સુચનો માટે હેલ્થ કમિટી, સ્ટેન્ડીંગ કમિટી, મ્યુ. બોર્ડમાં થતી રજુઆત અંગેની નોંધ મ્યુનિ. સેક્રેટરીયેટ દ્વારા રાખવામાં આવે છે.

૯) અધિકારીઓ તથા કર્મચારીઓની માહિતી પુસ્તિકા :-

| નં. | અધિકારી/કર્મચારી | ફોન નંબર |
|---|---|---|
| ૧ | સુપ્રિ.ઓફ વેકસીનેશન એન્ડ આર.બી.ડી. | ૨૫૩૯૦૬૫૧ |
| ૨ | ઈનચાર્જ મેડીકલ ઓફિસર | ૨૫૩૯૧૮૧૧/૬૯૮ |
| ૩ | ફાર્માસીસ્ટ | ૨૫૩૯૧૮૧૧/૬૯૮ |
| ૪ | મલ્ટીપરપઝ હેલ્થ વર્કર | ૨૫૩૯૧૮૧૧/૬૯૮ |

૧૦) અધિકારીઓને અને કર્મચારીઓને મળતા માસિક વળતર :-

| નં. | અધિકારી/કર્મચારી | પગારની ગ્રેડ |
|---|---|---|
| ૧ | સુપ્રિ.ઓફ વેકસીનેશન એન્ડ આર.બી.ડી. | ૭૮૮૦૦-૨૦૯૨૦૦ |
| ૨ | ઈનચાર્જ મેડીકલ ઓફિસર | ૬૭૭૦૦-૨૦૮૭૦૦ |
| ૩ | ફાર્માસ્ટીટ | ૩૫૪૦૦-૧૧૨૪૦૦ |
| ૪ | મલ્ટીપરપઝ હેલ્થ વર્કર | ૧૯૯૦૦-૬૩૨૦૦ |

૧૧) અંદાજપત્ર યોજનાઓ અને ખર્ચ :-

પગાર ખર્ચ -રૂા.૭૦,૦૦,૦૦૦/-(વાર્ષિક)
સ્ટેશનરી તથા પ્રિન્ટીગખર્ચ - રૂા.૧,૦૦,૦૦૦/- (વાર્ષિક)

૧૨) આર્થિક સહાય કાર્યક્રમોના અમલ બજવણીની રીત :-

NOT APPLICABLE

૧૩) છૂટછાટો અને રાહતો:-

રસીકરણ ફી માં કોઈપણ પ્રકારની છૂટછાટ કે રાહત આપવામાં આવતી નથી.

૧૪) ઈલેક્ટ્રોનીક સ્વરૂપમાં ઉપલબ્ધ માહિતીની વિગતો :-

યલોફીવર અંગેની કોઈપણ માહિતી ઈલેક્ટ્રોનીક સ્વરૂપમાં ઉપલબ્ધ નથી.

૧૫) ગ્રંથાલય- વાંચનાલય અંગેની માહિતી :-

NOT APPLICABLE

૧૬) જાહેર માહિતી અધિકારી :-

- માહીતી અધિકારી : ડો. આનલ એમ.સોની
  હોદ્દો- ઈન્ચાર્જ મેડિકલ ઓફિસર
- અપીલ અધિકારી : ર્ડા.ભાવિન જોષી
  હોદ્દો- એડી.એમ.ઓ.એચ.(ICDS)

૧૭) ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી :-

આફ્રિકન દેશોમાં મચ્છર( Aedes Aegypti Mosqueto) કરડવાથી થતો રોગ જેને યલો ફીવર ડીઝીઝ તરીકે ઓળખવામાં આવે છે. આફ્રીકન દેશોમાં પ્રવાસ કરનાર વ્યક્તિને આ રોગ ના થાય તે માટે આ રસી આપવામાં આવે છે.

**સ્થળ:**- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
સરદારપટેલ ભવન, મ્યુનિસિપલ કમ્પાઉન્ડ દવાખાનું, યલોફીવર વેક્સીનેશન
સેન્ટર(ગ્રાઉન્ડ ફલોર),દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન નં. ૨૫૩૯૧૮૧૧(એક્સ. ૬૯૮,૬૭૧)

**સમય:-દર મંગળવાર અને ગુરૂવાર, બપોરના ૧૦ :૩૦ થી ૫:૦૦**

(જો ગુરૂવારે જાહેર રજા આવતી હોય તો બીજા દિવસે રસી આપવામાં આવશે.)

- રસી લેનાર વ્યક્તિએ "અસલ પાસપોર્ટ" (ORIGINAL PASSPORT) રજુ કરવાનો રહેશે.
- યલો ફીવર વેક્સીનેશનની ફી માનનીય મ્યુનિસિપલ કમિશનરશ્રીનાં ઠરાવ નં. ૧૦ તા.૨૭-૭-૨૦૦૬ મુજબ તા.૩૧-૭-૨૦૦૬થી રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો) રોકડા આપવાનાં રહેશે.
- આ રસી ફક્ત "આફ્રીકન દેશો" તથા "દક્ષિણ અમેરીકા" પૂરતી જ જરૂરી છે. સાઉદી અરેબિયાના હજયાત્રીઓ માટે યલો ફીવર રસીની જરૂર નથી.
- યલો ફીવર રસી લીધા તારીખ થીસદ દિવસ પછીની તારીખથી આજીવન (Life Time) માન્ય રહેશે.
- યલો ફીવર વેક્સીનેશનનું કાર્ડ ગુમ થયેલ હોય તેવા કિસ્સામાં જે કેન્દ્રમાંથી રસી મેળવેલ હોય ત્યાંજ રજૂઆત કરવાની રહેશે. આ કેન્દ્રમાંથી રસી લીધેલ ન હોય તેમને ડુપ્લીકેટ રસી કાર્ડ આપવામાં આવશે નહિં.
- આફ્રિકા તથા દક્ષિણ અમેરીકા જવાના ઓછામાં ઓછા <u>**૧૦ દિવસ પહેલા**</u> આ રસી લેવી જરૂરી છે.

- નવ માસથી નાના બાળકો તથા સગર્ભા સ્ત્રીઓને આ રસી આપી શકાય નહિં.
- માત્ર 0.5 m.l. નો સીંગલ ડોઝ, ડીસ્પોઝેબલ નીડલ તથા ડીસ્પોઝેબલ સીરીંઝથી સબક્યુટેનીયશલી અથવા ઈન્ટારમસ્ક્યુલરલી (SC / IM) ડેલટોઈડ રીજીયનમાં એટલેકે શોલ્ડરમાં આપવામાં આવે છે.
- આડ અસર :- વેક્સીન લીધા પછી તરતથી ૭ દિવસ સુધી અમુક વ્યક્તિઓને સાધારણ તાવ, ઈન્જેક્શન આપેલ જગ્યાએ દુંખાવો, સોજો કે લાલાશ થાય છે. જે પેરાસીટેમોલ દવાથી મટી શકે છે.
- આ રસી રશીયા તથા ફ્રાન્સ થી આવે છે.

૩૦.૫.૧૭

સુપ્રી. ઓફ વેક્શીનેશન

અમદાવાદ મ્યુ.કોર્પોરેશન

# એનેક્ષર-એ

(સામાન્ય વહીવટ વિભાગનાં તા.૧-૫-૨૦૦૯ ના પરિપત્ર ક્રમાંક-પીએડી-૧૦-૨૦૦૭-૩૩૫૩૬૪-આરટીઆઈસેલનું બિડાણ)

## <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે મારી વડી કચેરી યલોફીવર રસીકરણ વિભાગ મારા વહીવટી કાર્યક્ષેત્રના આ સાથેની યાદી મુજબના જાહેર સત્તા મંડળો દ્વારા માહિતી અધિકાર અધિનિયમની કલમ-૪ અંતગર્ત સ્વયં જાહેર કરવાની બાબતો(પ્રોએકટીવ ડીસ્કલોઝર)(P.A.D) તૈયાર કરવામાં આવી છે અને તા.૧/૫/૨૦૧૫ ની સ્થિતિએ તે અદ્યતન કરવામાં આવેલ છે જેનું અમારા દ્વારા માહે મે/જુન(૨૦૧૫) દરમ્યાન ઈન્સ્પેકશન-કમ-ઓડીટ કરવામાં આવ્યું છે અને જે બાબતે ક્ષતિ જણાઈ હતી અગર તો અપૂરતી વિગતો જણાઈ હતી તેની પૂર્તતા કરાવવામાં આવી છે.

તા.૩૦-૬-૧૫(૨૦૧૫)ની સ્થિતિએ હવે કોઈ જાહેર સત્તામંડળોના પ્રોએકટીવ ડીસ્કલોઝર(P.A.D.)નું ઈન્સ્પેકશન કમ-ઓડીટ બાકી રહેલ નથી.

તા.૨૯-૦૪-૨૦૧૯

મુખ્ય મથક- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, સરદારપટેલ ભવન, મ્યુનિસિપલ કમ્પાઉન્ડ દવાખાનું, યલોફીવર વેક્સીનેશન સેન્ટર(ગ્રાઉન્ડ ફ્લોર),દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧.

**(કલે./જ.વિ.અ./ખાતાના વડા/મે.ડી,ની સહી)**

તા. ૩૦।૫।૨૦૧૯

પ્રતિ,
આસી.મેનેજરશ્રી,
આર.ટી.આઈ.સેલ
વૈશ્યસભા બિલ્ડીગ સામે,
જમાલપુર,અમદાવાદ.

**વિષય : માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૪(૧)(ખ) હેઠળના પ્રો.ઓકટીવ ડિસ્કલોઝર અધ્યતન કરવા તથા એનેક્ષર-એ મુજબનું પ્રમાણપત્ર મોકલી આપવા બાબત.**
**સંદર્ભ : આર.ટી.આઈ.સરકયુલર નં. : વર્ષ ૨૦૧૯-૨૦૧૦**

ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૪(૧)(ખ) હેઠળના પ્રો.ઓકટીવ ડિસ્કલોઝર તથા એનેક્ષર-એ મુજબનું પ્રમાણપત્ર અધ્યતન સાથે હેલ્થ જન્મ મરણ ખાતાનું આ સાથે સામેલ કરેલ છે.જે જાણમાં લેવા આપશ્રીને વિનંતી છે.

ઈન્ચાર્જ મેડીકલ ઓફિસર
યલોફીવર રસીકરણ વિભાગ
M.O./I.C.
Muni. Compound Dispensary,
Ahmedabad Muni. Corporation

૩૦.૫.૧૯
સુપ્રી.ઓફ વેકસીનેશન
અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૪(૧)(ખ) હેઠળના પ્રો-એક્ટીવ ડીસ્કલોઝર અધ્યતન કરવા તથા અએનેક્ષર-એ મુજબનું પ્રમાણપત્ર આપવા બાબત.

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૪(૧)(ખ) હેઠળના પ્રો-એક્ટીવ ડીસ્કલોઝર અધ્યતન કરવા તથા અએનેક્ષર-એ મુજબનું પ્રમાણપત્ર આપવા બાબત.